કમોસમી વરસાદ બાદ કેરીની આવકમાં વધારો

આવકના વધારા સાથે કેરીના ભાવમાં ૧૫થી ૨૦%નો ઘટાડો : હાલમાં રત્નાગીરી હાફૂસ, કેરળની હાફૂસ, પાયરી, સુંદરી અને બદામ કેરીની આવકમાં વધારો થયો છે

અમદાવાદ, તા.૧૨

રાજ્યમાં કમોસમી વરસાદ બાદ કેરીની આવકમાં વધારો થયો છે. ખરાબ હવામાનથી કેસર કેરી ૧૫ દિવસ મોડી આવી છે. સૌરાષ્ટ્રની કેસર કેરીની આવકમાં વધારો થયો છે. હાલમાં રત્નાગીરી હાફૂસ, કેરળની હાફૂસ, પાયરી, સુંદરી અને બદામ કેરીની આવકમાં વધારો થયો છે. આવકના વધારા સાથે કેરીના ભાવમાં ૧૫થી ૨૦%નો ઘટાડો થયો છે. ભારતની ધરતી ખરેખર સોનું ઉગાડે છે. અહીં ઉગાડવામાં આવતાં ફળો, શાકભાજી અને અનાજનો સ્વાદ જ અલગ છે. કેરીની ખેતી પણ મોટા પાયે થાય છે. ભારતમાં કેરીના કરોડો ચાહકો છે, પરંતુ વિદેશોમાં પણ દેશી કેરીની ખૂબ માંગ છે. કેરીની કેટલીક જાતો ભારત સાથે સીધો સંબંધ ધરાવે છે. કોઈ ચોક્કસ રાજ્ય કે પ્રદેશની માટી અને આબોહવામાંથી મેળવેલ ગુણોને કારણે સરકારે આ કેરીની જાતોને જીઆઈ ટેગ પણ આપ્યો છે. આજે અમે તમને ભારતીય કેરીની ટોચની ૧૦ જાતો અને તેના ગુણો વિશે માહિતી આપીશું. આલ્ફોન્સો કેરીનો ઈતિહાસ મહારાષ્ટ્ર સાથે જોડાયેલો છે. આ કેરીની વિશેષતા એ છે કે પાક્યા પછી તેની છાલ એકદમ પાતળી અને પીળા-નારંગી રંગની બને છે. આ કેરી કોંકણ પ્રદેશમાં જ ઉગે છે. આ કેરી તેની રચના બનાવટ અને વહેલા પાકવા માટે પ્રખ્યાત છે. આ કેરીની સેલ્ફ લાઈફ પણ સારી છે. તેના સ્વાદે દેશ અને દુનિયાના લોકોને તેના દિવાના બનાવી દીધા છે. ઉત્તર પ્રદેશમાં કેરી ખાનારા અને ઉત્પાદકોની સંખ્યા ઘણી છે. મલીહાબાદી અને રતૌલ કેરીની ભારે માંગ છે. મલીહાબાદી કેરીઓ દશેરીના નામથી ઓળખાય છે. આ કેરીમાં ફાઈબર હોતું નથી, પરંતુ તેમાં મીઠાશથી ભરપૂર પલ્પ હોય છે, જેના પર પ્રક્રિયા કરીને ઘણા ઉત્પાદનો બનાવવામાં આવે છે. ગોમતી નદીના પાણીને કારણે આ કેરીનો સ્વાદ અલગ છે, જોકે હવે તે મલિહાબાદ સિવાય બાગપતમાં ઉગાડવામાં આવે છે. બિહારની ભાગલપુરી જરદાલુ કેરીને પણ ભારત સરકાર તરફથી ટેગ મળ્યો છે. ભાગલપુર, બાંકા અને મુંગેરમાં તેની ખેતી થાય છે. જરદાલુ કેરીમાં ખાસ સુગંધ હોય છે કારણ કે તે મધ્યમ તાપમાનમાં ઉછેર પામે છે. આ પીળા ક્રીમ રંગની કેરી સ્વાદમાં પણ અદ્ભુત છે. કર્ણાટકમાં ઉત્પાદિત એપેમિડી કેરીનો સ્વાદ થોડો ખાટો હોય છે. જો કે પશ્ચિમ ઘાટના જંગલોમાં ઉગાડવામાં આવતી કેરીની આ વિવિધતા ખૂબ જ નાજુક હોય છે, પરંતુ તેના રંગ, આકાર અને સ્વાદને કારણે તેણે ફળોમાં પોતાની આગવી ઓળખ બનાવી છે. ઉત્તરા કન્નડ અને શિમોગા જિલ્લાઓમાં અઘનાશિલી, કુમુદવતી, કાલી, વરદા, બેદાતી અને શરાવતી નદીઓની ખીણોમાં પ્રાચીન સમયથી એપેમિડી કેરી ઉગાડવામાં આવે છે. અથાણાંથી લઈને ઘણી પ્રોડક્ટ્સ એપેમિડી કેરીમાંથી બનાવવામાં આવે છે. મીઠા પલ્પથી ભરપૂર આંધ્રપ્રદેશની બેગનપલ્લી કેરીને પણ જીઆઈ ટેગ મળ્યો છે. આ કેરીમાં ફાઈબર પણ નથી તેથી તેમાંથી કેરીની મીઠાઈઓ અને શેક વગેરે બનાવવામાં આવે છે. આ કેરીનીરચના ઈંડાના આકારની અને લંબચોરસ છે, જેનો રંગ સોનેરી પીળો છે. તેની શેલ્ફ લાઈફ માટે પ્રખ્યાત બેગમપલ્લે કેરીની સીઝન પણ મે-જૂનથી શરૂ થાય છે.

FICCIની લેડીઝ વિંગ ઓર્ગેનાઈઝેશનની ઉદ્યોગ સાહસિક મહિલાઓ સાથે વાર્તાલાપ

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા સાથે નારી સશક્તિકરણ માટેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાજ્ય સરકારે મહિલા સશક્તિકરણ-વીમેન એમ્પાવરમેન્ટનો નવો અધ્યાય રચ્યો છે અને આ વર્ષે રાજ્યના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત મહિલાલક્ષી યોજનાઓનું બજેટ ૧ લાખ કરોડ રૂપિયાને પાર કરી ગયું છે. મુખ્યમંત્રીએ FICCIની મહિલા પાંખ FLO ફિક્કી લેડીઝ વીંગ ઓર્ગેનાઈઝેશનની ઉદ્યોગ સાહસિક મહિલાઓને ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાને આમંત્રિત કરી તેમની સાથે સહજ સંવાદ-વાર્તાલાપ યોજ્યો હતો. મુખ્યમંત્રીએ સમાજના વિવિધ વર્ગો, રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓ, અદના સેવક એવા કર્મયોગીઓ સાથે સંવાદ ગોષ્ઠીની શૃંખલાની નવતર પરંપરા શરૂ કરી સૌને 'અમારા ભૂપેન્દ્રભાઈ'ની પોતીકાપણાની અનુભૂતિ કરાવી છે. એ જ શૃંખલામાં તેમણે આ મહિલા ઉદ્યોગ સાહસિકોને મુખ્યમંત્રી નિવાસસ્થાને આમંત્રિત કરીને તેમના અનુભવો, ઉદ્યોગ ક્ષેત્રે નારીશક્તિના પ્રદાનની વિગતો, વાતચીત અને પરસ્પર સંવાદ દ્વારા મેળવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉદ્યોગ સાહસિક મહિલાઓને જણાવ્યું કે, આ વર્ષના બજેટમાં ઉદ્યોગ સાહસિક મહિલાઓને પ્રોત્સાહન સહિતની ૨૦૦ થી વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી યોજનાઓ છે. તેમણે રાજ્ય સરકારે મહિલા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવાનો અભિગમ દાખવ્યો છે તેની ભૂમિકા પણ આપી હતી. FLOની ઉદ્યોગ સાહસિક બહેનોએ પણ તેમને રાજ્ય સરકારના મળી રહેલા સહયોગ સહિતના અનુભવો વર્ણવ્યા હતા.

મુખ્યમંત્રીની બ્રિટીશ પાર્લામેન્ટના ઓલ પાર્ટી પાર્લામેન્ટ્રી ગૃપ સાથે બેઠક

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બ્રિટીશ પાર્લામેન્ટના ઓલ પાર્ટી પાર્લામેન્ટ્રી ગૃપના ૮ જેટલા પાર્લામેન્ટ્રી મેમ્બર્સની ગાંધીનગરમાં મહત્વપૂર્ણ મુલાકાત બેઠક યોજાઈ હતી. આ ઓલ પાર્ટી પાર્લામેન્ટ્રી ગૃપ યુ.કે ભારત અને ગુજરાત વચ્ચે ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સંદર્ભમાં ભારતની મુલાકાતે છે તે દરમ્યાન ગુજરાત પ્રવાસ અંતર્ગત આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળેલા આ ઓલ પાર્ટી પાર્લામેન્ટ્રી ગૃપમાં બ્રિટીશ પાર્લામેન્ટના કોન્ઝરવેટીવ પાર્ટી, લેબર પાર્ટી, સ્કોટિશ નેશનલ પાર્ટી અને અપક્ષ-ક્રોસ બેંચના મળીને કુલ-૮ મેમ્બર્સ ઓફ પાર્લામેન્ટનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધી,

સરદાર વલ્લભભાઈ પટેલ અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ભૂમિ ગુજરાતમાં આ ડેલિગેશનનું ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યુ હતું.

તેમણે ગુજરાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને દિશાદર્શનમાં ગુજરાત દેશના સર્વગ્રાહી વિકાસનું રોલ મોડેલ સ્ટેટ બન્યું છે તેની વિશદ ભૂમિકા આ ડેલિગેશન સાથેની બેઠક દરમ્યાન આપી હતી. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈની વિઝનરી લીડરશીપને કારણે દેશ-વિદેશ સાથે વેપાર-ઉદ્યોગ વ્યાપકપણે વિકસ્યો છે અને ગુજરાત તેમના નેતૃત્વમાં અન્ય રાજ્યો અને રાષ્ટ્રો સાથે હંમેશા ઉષ્માપૂર્ણ સંબંધો માટે તત્પર છે. મુખ્યમંત્રી સાથેની આ બેઠક દરમ્યાન બ્રિટીશ પાર્લામેન્ટના આ ઓલ પાર્ટી ડેલિગેશનના સદસ્ય સાંસદોએ ખાસ કરીને સોલાર રૂફટોપ, ગ્રીન ગ્રોથ, વેસ્ટ ટુ એનર્જી, સ્ટીલ પ્લાન્ટ સહિત ગુજરાતમાં ઉદ્યોગો માટે કન્ડ્યુસીવ એટમોસ્ફિયર વિશે જાણવામાં ઊંડો રસ દાખવ્યો હતો.

ગુજરાત પ્રાકૃતિક કૃષિનું રોલ મોડેલ બનશે : રાજયપાલ આચાર્ય દેવવ્રત

ગાંધીનગર, તા.૧૨

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવાનો દ્રઢ નિર્ધાર કર્યો છે. જમીનની ફળદ્રુપતા, જનઆરોગ્ય અને પર્યાવરણ બચાવવા હશે તો પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર ઉપાય છે. આપણે આપણી જવાબદારી સમજીને પ્રાકૃતિક ખેતી જ કરીએ અને ગુજરાતને પ્રાકૃતિક કૃષિનું રોલ મોડેલ બનાવવાનો નિર્ધાર કરીએ, એમ રાજયપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું હતું.

છોટાઉદેપુર જીલ્લાના વડામથક છોટાઉદેપુર ખાતે આવેલા ખુટાલિયા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આયોજીત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ઉપસ્થિત ખેડૂતોને સંબોધતાં રાજયપાલ આચાર્ય દેવવ્રતએ રાસાયણિક ખેતી અને જૈવિક ખેતી કરતાં પ્રાકૃતિક કૃષિ કેવી રીતે અલગ તરી આવે છે એ અંગે તર્કબદ્ધ વાતો કરી ખેડૂતોને રાસાયણિક ખેતી અને જૈવિક ખેતી તથા પ્રાકૃતિક ખેતી વચ્ચેની ભેદરેખાની વિગતે સમજ આપી હતી. પ્રાકૃતિક કૃષિ અંગેના પરિસંવાદમાં ઉપસ્થિત ખેડૂતોને માર્ગદર્શન આપતાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પશુધન અને ખેતી એકબીજાના પૂરક છે. બંનેના યોગ્ય સંકલનથી ખેડૂતો પ્રાકૃતિક કૃષિમાંથી વધુ ઉપજ મેળવી વધુ આવક મેળવી શકશે. છોટાઉદેપુર જિલ્લાના ખેડૂતો પશુપાલન પણ કરે છે.

ગુજરાત સરકાર પશુધનને બચાવવા કાર્યરત છે. પશુને લાભકારી બનાવી ખેડૂતો લાભ મેળવી શકે છે. પશુઓની નશલ સુધારી તેને વધુમાં વધુ લાભકારી બનાવી શકાય છે. રાજયપાલએ પશુપાલન અંગે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું.

નકલી પોલીસ બની લોકો પાસે પૈસા પડાવતા ચાર ઝડપાયા

અમદાવાદ, તા.૧૨

કામધંધો ના હોવાથી ચાર મિત્રોએ ભેગા મળીને શોર્ટકટથી પૈસા કમાવવા માટેનો પ્લાન બનાવ્યો હતો અને નકલી પોલીસ બનીને લોકોની પાસેથી પૈસા પડાવવાનું નક્કી કર્યું હતું. આરોપીઓએ વસ્ત્રાલ ચાર રસ્તા નજીક આવેલા એક ગેસ્ટ હાઉસમાંથી એક વ્યક્તિ બહાર નીકળતા તેનો પીછો કરીને તેને સુરેલીયા એસ્ટેટ નજીક રોક્યો હતો અને તેને પોલીસ હોવાથી ખોટી ઓળખ આપી તમારા વિરુદ્ધ ગુનો દાખલ કરીશું, તેમજ કેશ નહીં કરવા માટે રૂપિયા ૨૫ હજારની માંગણી કરી હતી. બાદમાં એટીએસ ખાતે લઈ જઈને બળજબરીથી ૧૫ હજાર પડાવી લીધા હતાં. જે અંગેની જાણ પોલીસને થતાં પોલીસે બાતમીના આધારે ચાર આરોપીઓને ઝડપી લીધા છે. રામોલ પોલીસે હીતેષ શાહ, ફીરોજ શેખ, શાહરૂખ અંસારી અને સીરાજખાન પઠાણ નામના ચાર આરોપીઓની વસ્ત્રાલ ચાર રસ્તા પાસેથી ધરપકડ કરી છે. આ ચારેય આરોપીઓ મિત્ર છે. જોકે, તેમની પાસે કોઈ કામ ધંધો ના હોવાથી તેમણે શોર્ટકટથી રૂપિયા કમાવવા માટે નકલી પોલીસ બનીને રૂપિયા પડાવવાનું નક્કી કર્યું હતું. ૮મી એપ્રિલના દિવસે બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ ચારેય જણા વસ્ત્રાલ ચાર રસ્તા પુષ્પ કોમ્પલેક્ષ સામે મોટર સાયકલ લઈને ઉભા હતાં. નજીકના ગેસ્ટ હાઉસમાંથી એક વ્યક્તિ બહાર આવીને મોટર સાયકલ લઈ મહાદેવ નગર તરફ જતા આરોપીઓ તેમની પાછળ પાછળ ગયા હતાં. સુરેલીયા એસ્ટેટ સામેના રોડ પર આરોપીઓએ આ વ્યક્તિને ઉભા રાખીને પોતે પોલીસ હોવાની ઓળખ આપી ક્યાંથી આવે છે, તમારા ઘરે જાણ કરીશું, તમને બદનામ કરી તમારા વિરુદ્ધ ગુનો દાખલ કરીશું, તેમ જણાવી ખોટો કેશ નહીં કરવા માટે રૂપિયા ૨૫ હજારની માંગણી કરી હતી. બાદમાં તેઓ આ વ્યક્તિને રબારી કોલોની ખાતે આવેલા આઈસી આઈ સીઆઈ બેંકના એટીએમ ખાતે લઈ ગયા હતાં. જ્યાં બળજબરીથી રૂપિયા ૧૫ હજાર કઢાવી લીધા હતા. જે અંગે રામોલ પોલીસે ગુનો દાખલ કરીને ચારેય આરોપીઓની ધરપકડ કરીને મુદ્દામાલ કબ્જે કર્યો છે.

સરકારી ટેક્નિકલ કોલેજોમાં છ વર્ષમાં ૫૦% શિક્ષકો ઘટ્યા

પાછલા છ વર્ષોમાં આ કોલેજોમાં ટીચિંગ સ્ટાફ અડધો થઈ ગયો છે પરિણામે જે ચાલુ શિક્ષકો છે તેમના પર કામનો બોજો વધી ગયો છે

અમદાવાદ, તા.૧૨

એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજના અસોસિએટ પ્રોફેસરે કામના ભારણના કારણે સોમવારે આત્મહત્યા કરી લીધી. આ ઘટના ગુજરાત સરકાર સંચાલિત ટેક્નિકલ કોલેજોના શિક્ષકોની દયનીય સ્થિતિને ચાડી ખાય છે. વર્ષ ૨૦૨૨-૨૩ની ગુજરાતની આર્થિક-સામાજિક સમીક્ષા પરથી જાણવા મળ્યું કે, પાછલા છ વર્ષમાં આ કોલેજોમાં ટીચિંગ સ્ટાફ લગભગ અડધો થઈ ગયો છે. પરિણામે જે ચાલુ શિક્ષકો છે તેમના પર કામનું ભારણ વધી ગયું છે. જેની અસર તેમના માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક જીવન પર પડી રહી છે. સરકાર સંચાલિત ટેક્નિકલ કોલેજોમાં ૨૦૧૬-૧૭માં ૧૫,૩૯૮ શિક્ષકો હતા જે ઘટીને ૨૦૨૨-૨૩માં ૭,૭૫૫ થઈ ગયા હતા. આમાંથી કેટલીય કોલેજોમાં શિક્ષકોને વહીવટી વિભાગનું કામ પણ કરવું પડે છે. તેમને અકાઉન્ટ્સ જોવાના, ક્લેરિકલ વર્ક ઉપરાંત એડમિશન અને ફી ઉઘરાવવા જેવી કામગીરી પણ શિક્ષકોના માથે આવી પડી છે. આર્થિક-સામાજિક સમીક્ષાના 'ગુજરાતમાં શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા, મંજૂર કરેલી બેઠકો, વિદ્યાર્થીઓના ચોક્કસ એડમિશન અને ટેક્નિકલ વિભાગમાં શિક્ષકોની સંખ્યા'ના મથાળા હેઠળ ૪૨ વર્ષનો ડેટા ભેગો કરવામાં આવ્યો છે. રાજ્યમાં ૧૯૮૦-૮૧માં આવી ૧૦ સંસ્થાઓ હતી જેમાં ૨,૩૩૯ બેઠકો હતી અને ફુલ ટાઈમ સ્ટાફની સંખ્યા શૂન્ય હતી. આજે રાજ્યમાં ૨૩૦ કોલેજો, ૭૬,૬૬૮ બેઠકો અને ૭,૭૫૫ શિક્ષકો છે. ડેટા પ્રમાણે, ૨૦૧૬-૧૭માં ૨૩૮ ઈન્સ્ટીટ્યૂટ હતી જ્યાં મહત્તમ સ્ટાફની સંખ્યા ૧૫,૩૯૮ હતી એટલે કે, પ્રતિ સંસ્થા સરેરાશ ૬૪.૭ શિક્ષકો હતા. ૨૦૧૯-૨૦માં સંસ્થાઓ વધીને ૨૪૨ પરંતુ શિક્ષકોની સંખ્યા ઘટીને ૧૦,૩૪૨ થઈ ગઈ હતી. ૨૦૨૨-૨૩ સુધીમાં સંસ્થાઓની સંખ્યા ઘટીને ૨૩૦ થઈ ગઈ હતી જ્યારે ટીચિંગ સ્ટાફ ઘટીને ૭,૭૫૫ થયો હતો. એટલે કે, પ્રતિ ઈન્સ્ટીટ્યૂટ ૩૩.૬ શિક્ષકો હતા. શિક્ષકોની કુલ સંખ્યામાં ૪૯.૬ ટકાનો ઘટાડો થયો હતો. નોંધપાત્ર વાત તો એ છે કે, આ સંસ્થાઓમાં મહિલા શિક્ષકોની સંખ્યા ૫૧ ટકા સુધી ઘટી ગઈ. છ વર્ષમાં મહિલા શિક્ષકો ૪,૯૧૫થી ઘટીને ૨,૪૧૫ થઈ ગયા. આ ડિપાર્ટમેન્ટના અધિકારીઓનું કહેવું છે કે, વધુ ને વધુ સેલ્ફ ફાઈનાન્સ કોલેજો ખુલી રહી છે જેથી વધુ સારી તક અને પગારની અપેક્ષાએ શિક્ષકો સરકારી કોલેજોમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ રહ્યા છે. આ સ્પષ્ટ સંકેત છે કે, સરકારે વધુ ભરતી કરવી જોઈએ અને ફુલ ટાઈમ સ્ટાફ રાખવો જોઈએ.

એર ઈન્ડિયા રાજકોટથી મુંબઈ માટે વધુ એક ફ્લાઈટ શરૂ કરશે

રાજકોટ, તા.૧૨

રાજકોટમાંથી મુંબઈ જવા માટે મુસાફરોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે અને નજીકના જ સમયમાં વેકેશન શરુ થશે ત્યારે આ મુસાફરોની સંખ્યા વધુ જોવા મળશે તે માટે એર ઈન્ડિયાએ રાજકોટ મુંબઈની વધુ એક ફ્લાઈટ આગામી ૨૦મી એપ્રિલથી શરુ કરશે. મુસાફરોની કેપેસીટી વધારવા માટે હવે એર ઈન્ડિયા દ્વારા બોઈંગ ફ્લાઈટ શરુ કરવાનો નિર્ણય કર્યો છે જેમા ૧૫૦ સામાન્ય મુસાફર તેમજ ૧૨ બિઝનેશ ક્લાસના મુસાફરો મુસાફરી કરી શક્શે. રાજકોટથી હાલ મુંબઈ જવા માટે ડેઈલી ફ્લાઈટ એ/સી ૬૫૫/૬૫૬ ચાલુ છે જેમા ૧૨૦ સામાન્ય મુસાફરો તેમજ ૬ બિઝનેશ ક્લાસ મુસાફરો મુસાફરી કરી શકે છે. આ ફ્લાઈટ સપ્તાહમાં ૪ દિવસ સોમ,મંગળ, બુધ અને શુક્રવારે ઉડાન ભરશે. હજુ થોડા દિવસો પહેલા જ ઈન્ડિગો એરલાઈન્સે રાજકોટથી મુંબઈ જવા માટે સવારની ફ્લાઈટ શરુ કરવાની જાહેરાત કરી હતી. રાજકોટના એરપોર્ટ પરથી હાલ ૧૧ જેટલી ફ્લાઈટની અવર-જવર થઈ રહી છે હવે મુંબઈની વધુ બે સવારની ફ્લાઈટ શરૂ થતા આગામી સમયમાં એક દિવસમાં ૧૩ જેટલી ફ્લાઈટ અવર-જવર કરશે.

કંપની સમાચાર

બ્લુ સ્ટાર લિમિટેડે વર્ષ ૨૦૨૩ માટે 'પરવડે એવા શ્રેષ્ઠ કક્ષાના' રૂમ એસીની નવી શ્રેણી પ્રસ્તુત કરી

અમદાવાદ, તા.૧૨

બ્લુ સ્ટાર લિમિટેડે આ ઉનાળા માટે, 'શ્રેષ્ઠ કક્ષાના પરવડે તેવા' અને 'ફ્લેગશિપ પ્રીમિયમ' શ્રેણી સહિતના એસીની નવી વ્યાપક શ્રેણી આજે પ્રસ્તુત કરી હતી. આ સાથે, કંપનીએ ઈન્વર્ટર, ફિક્સ સ્પીડ અને વિન્ડો એસી શ્રેણીની સંપૂર્ણ શ્રેણીના આશરે ૭૫ મોડેલ રજૂ કર્યા છે જે દરેક વર્ગના ગ્રાહકની જરૂરિયાતને પૂરી કરી શકશે.

બ્લુ સ્ટાર કંપની વર્ષ ૨૦૨૦થી પોતાને એક વિશાળ વર્ગની પ્રીમિયમ બ્રાન્ડ તરીકે વ્યૂહાત્મક રીતે પ્રસ્તુત કરી ત્યારથી તે તેની ઉત્પાદન અને સંશોધન ક્ષમતાઓને વધારી રહી છે જેથી ખાસ કરીને ટિયર ૨, ૩, ૪ અને ૫ વર્ગના શહેર એન્ડ નગરોના બજારમાં ખાસ કરીને કિંમત પ્રતિ સંવેદનશીલ અને પહેલી વાર ખરીદી કરનારા ગ્રાહકોના બજારમાં વેચવા માટે પરવડી શકે તેવા સ્પ્લિટ એસીની નવી, વિભિન્ન અને શ્રેષ્ઠ-કક્ષાની શ્રેણીઓ રજૂ કરી શકાય.

બ્લુ સ્ટારે કિંમતની સંપૂર્ણ શૃંખલાની કાર્યક્ષમતા વધારવા માટે એક ટોટલ કોસ્ટ મેનેજમેન્ટ (ટીસીએમ) પ્રોગ્રામ પણ શરૂ કર્યો છે.

દક્ષિણ ભારતના બંદરોની નજીક આવેલો શ્રી સિટી પ્લાન્ટ આ કંપની માટે ગતિવિધી ઝડપી બનાવવા સાથે ખર્ચમાં ઘટાડો કરીને સ્થળ કાર્યક્ષમ મેનેજમેન્ટને સક્ષમ બનાવશે. આ પ્લાન્ટની સ્થાપનાથી તેની નજીકના અને તેની આસપાસના સ્થાનિક સમુદાયોને પણ ફાયદો થશે.

શિખી શકું

● અનુસંધાન પહેલાનું ચાલુ

મારા પિતા ૧૦મા અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓને કોચિંગ આપતા હતા, ત્યારે હું ૯ વર્ષની હતી અને ૫મા ધોરણમાં ભણતી હતી. તેમનું કોચિંગ જોયા બાદ મને ૧૦મુ ભણવાનું મન થયું હતું. મારા પિતાને પણ લાગ્યું કે હું આ કરી શકું છું. પછી તેમને રાજ્યપાલ પાસેથી વિશેષ પરવાનગી મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો અને તેમાં એક વર્ષનો સમય લાગ્યો હતો. પરવાનગી મળ્યા બાદ મેં ૧૧ વર્ષની ઉંમરે ૧૦મું પાસ કર્યું અને પછી ૧૨ વર્ષની ઉંમરે ૧૨મું પાસ કર્યું. પ્રધાનમંત્રી મોદી સાથેની મુલાકાત વિશે વાત કરતા તેણે કહ્યું કે, "મને પ્રધાનમંત્રી કાર્યાલયમાંથી ફોન આવ્યો હતો. તેઓએ મને ૧ એપ્રિલે ભોપાલ મળવા માટે બોલાવ્યો હતો. પીએમ મોદીએ મારી સાથે ૧૫ મિનિટ વાત કરી અને મારા વિશે પૂછ્યું હતું. તેમણે એ પણ પૂછ્યું કે તેઓ મારા પાસેથી શું શીખી શકે છે, તો મેં તેમને સમર્પણ અને સખત મહેનત વિશે કહ્યું જે તેમની પાસે પહેલેથી જ છે."

મુલાકાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાહુલ ગાંધીએ કહ્યું કે વિપક્ષને એક કરવા માટે આ એક ઐતિહાસિક પગલું છે. અમે વિરોધ પક્ષોના વિઝનને વિકસાવીશું અને આગળ વધીશું. આપણે બધા સાથે મળીને દેશ માટે ઉભા રહીશું.

આ દરમિયાન નીતિશ કુમારે કહ્યું કે અમે શક્ય તેટલી વધુ પાર્ટીઓને એક કરવાનો પ્રયાસ કરીશું અને ભવિષ્યમાં સાથે મળીને કામ કરીશું. જેડીયુ, આરજેડી અને કોંગ્રેસ બિહારમાં ગઠબંધન સરકારમાં છે અને ભાજપ સામેની તેમની લડાઈમાં અન્ય વિપક્ષી દળોને એકસાથે એકસાથે લાવવા આતુર છે.

પાણીનો બગાડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યકત કરે છે. આ ઉપરાંત રહેણાક વિસ્તારમાં પણ નળમાંથી પાણી ટપકતુ હોવાની સાથે નળ ખુલ્લો રહી જવાના કીસ્સામાં પણ પાણીનો વિશેષ બગાડ થાય છે. જયારે રહેણાંકના હેતુથી પાણીનુ જોડાણ લઈને કોર્મશિયલ ઉપયોગ કરવાના કિસ્સા ધ્યાને આવશે તો પણ તંત્ર દ્વારા આકરા પગલા લેવાશે. ગેરકાયદેસર જોડાણનો ઉપયોગ કરવાના કિસ્સામાં પણ દંડનીય કાર્યવાહી હાથ ધરાશે. સરકારના જળ સંચય અભિયાન અન્વયે પાટનગર યોજના વિભાગના પાણી વિભાગ દ્વારા પાણીના વેડફાટ સહીતના મામલે કાયદેસરની કાર્યવાહી કરાશે. જયારે સેકટરોમાં ગેરકાયદેસર જોડાણ તેમજ બગાડ સહીતના મામલે ટીમ બનાવી આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવશે. આ મામલે સ્થાનિકોને નળમાં લીકેજ કે જોડાણમાં લીકેજીસ હોય તો પણ રીપેર કરાવી લેવાની સુચના આપવામાં આવી છે. પીવાના પાણીના ઘરેલુ જોડાણની સંખ્યા અંદાજિત ૪૪ હજાર જેટલી છે. જેની સાથે ગેરકાયદેસર જોડાણની સંખ્યા પણ વધુ છે. ટપકતા નળના લીધે પ્રતિવર્ષ ૫૦ હજાર લીટર પાણીનો વેડફાટ થાય છે. જયારે નળના જોડાણમાંતી પાણી ટપકતુ ન રહે તે જોવાની જવાબદારી પણ નાગરિકોની છે. અગાઉ તંત્ર દ્વારા શહેરી ગામોમાં પણ પાણીના બગાડને અટકાવવા માટે તપાસ હાથ ધરીને જવાબદારોને નોટીસ આપવામાં આવી હતી જયારે આકરી ગરમીના દિવસોમાં શહેરના સેકટરોમાં પણ હવે પાણીનો બગાડ અટકાવવા માટે આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવશે.

કસોટી રૂપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુજબ ભારત સરકારના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ મુજબ ગુડાના વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયત અને નગરપાલિકાએ તેની હદમાં પ્રત્યેક ઘરમાંથી કચરો ઉઠાવાની કામગીરીની સાથે કચરાને નિયત જગ્યાએ પણ પહોંચાડવાનો હોય છે. જયારે આ ઠેકાણેથી લેન્ડ ફીલ્ડ સાઈટ સુધી કચરો લઈ જવા માટે ટેન્ડર પ્રક્રીયાના અંતે એજન્સી નિયત કરવા અને લેન્ડ ફીલ્ડ સાઈટની જાળવણી ગુડાએ કરવાની છે. ગુડાએ અઘરી જવાબદારી નિભાવાની થાય છે. કોર્પોરેશનના અનુભવ મુજબ લેન્ડ ફીલ્ડ સાઈટના મામલે વિરોધ સહન કર્યો છે ગાંધીનગર કોર્પોરેશનના હદ વિસ્તરણમાં ગુડા હસ્તકના ૧૮ ગામો તેમજ નગરપાલિકા અને અમુક ટી પી વિસ્તાર પણ ભેળવી દેવાયો છે. જયારે આ અગાઉ ગુડાએ આ વિસ્તારમાં પ્રત્યેક ઘરેથી કચરો એકત્રિત કરવાની નમુનારૂપ વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે આ વિસ્તાર હવે ગુડા હસ્તક રહ્યા નથી જેના લીધે આવક પણ ગુમાવી છે. જેથી આ વ્યવસ્થા પણ આટોપી લેવામાં આવી છે. અલબત્ત હાલ આ વિસ્તારમાં કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા નથી જેના લીધે નવેસરથી કામગીરી કરવાની થશે. જયારે આ મામલે લેન્ડ ફીલ્ડ સાઈટ પસંદ કરવાનો મામલો પણ કસોટીરૂપ બન્યો છે.

ડિસ્ચાર્જ મેળવ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ સરગાસણ ગામેથી આજે બે કેસ મળી આવેલ છે. સરગાસણમાંથી ૨૯ વર્ષીય મહિલા તેમજ ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૩૦માંથી ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨ માંથી ૭૮ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સે. ૧૪માંથી ૨૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલ પાંચેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. પાંચેય દર્દીઓની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. આજે નોંધાયેલ એક પણ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતો હોવાનું જાણવા મળેલ છે.

શહેર-જિલ્લામાં આજે ૭૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જો કે મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

તંત્રએ સર્વેલન્સ સઘન કરવા સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવ્યુ છે. કોરોનાના હળવા લક્ષણો દર્દીઓમાં જણાયા હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ દર્દીઓ વધુ પસંદ કરી રહ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ડેપો સંકુલમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધ્યાનમાં રાખીને અગાઉ ડિવીઝનલ કચેરીએ જાણ કરવામાં